નં. જીઆઈડીસી/ઈએનજી/વ.મ.-૨/AII/ ૧૦૮
જીઆઈડીસી, ગાંધીનગર
તા. ૦૫/૦૯/૨૦૧૭

# સુધારા પરિપત્ર

વિષય : ગુજરાત સરકારશ્રીની ઔદ્યોગિક નીતિ – ૨૦૧૫ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના હેઠળ મંજુર ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશનનું કામ હાથ ધરવા માંગતા હોય તેવી વસાહતોમાં મંજુર થનાર દરખાસ્તો બાબતે લાભાર્થીઓને ફાળે આવતી રકમ નિગમ દ્વારા સર્વિસ ચાર્જ મારફત વસુલવા બાબત.

સંદર્ભ : (૧) નિગમની ૪૯૪મી સભાનો ઠરાવ ક્રમાંક : ૧૦/ઈજનેર/૪૯૪/૨૦૧૭ તા. ૦૨/૦૨/૨૦૧૭
(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઈએનજી/વ.મ./૯૫૫ તા. ૩૧/૦૩/૨૦૧૭

નિગમ હસ્તકની ઔદ્યોગિક વસાહતોમાં જે વસાહતોના વસાહત મંડળો ગુજરાત સરકારશ્રીની ઔદ્યોગિક નીતિ– ૨૦૧૫ અંતર્ગત ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચરને સહાય યોજના હેઠળ મંજુર ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશનનું કામ હાથ ધરવા માંગતા હોય તેવી વસાહતોમાં મંજુર થનાર દરખાસ્તો બાબતે લાભાર્થીઓને ફાળે આવતી રકમ આગોતરા ફાળા (UP FRONT)ને બદલે થયેલ ખર્ચ કે થનાર ખર્ચ ત્રણ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ના સમયગાળામાં નિગમ દ્વારા સર્વિસ ચાર્જ મારફત વસુલવાનું ૪૯૪મી સભામાં સંદર્ભિત ઠરાવ (૧)થી નિયત થયેલ છે.

ઉપરોક્ત ઠરાવ મુજબ, જે વસાહતોમાં વસુલાત કરતા ખર્ચ ઓછો થાય તો તેવા કિસ્સાઓમાં વસુલાતમાંથી થયેલ ખર્ચ બાદ કરીને જમા ભંડોળ જે તે વસાહત માટે સરકારશ્રીની કોઈ પણ યોજના હેઠળ તેઓના હિસ્સે આવતા ફાળામાં જમા આપવાની થશે.

દરખાસ્તોની મંજુરી મેળવતા પહેલા સરકારશ્રીની સહાય ઉપરાંતની બાકી રહેતી રકમ એસોસીએશન પાસેથી થયેલ ખર્ચ / થનાર ખર્ચ ત્રણ વર્ષના સમયગાળામાં સર્વિસ ચાર્જ મારફત વસુલ લેવામાં આવશે તેવો એસોસીએશનની કારોબારીનો ઠરાવ મેળવવાનો રહેશે.

ઉપરોક્ત નિર્ણય એ.આઈ.આઈ. યોજના અંતર્ગત અગાઉ બીજા તબક્કામાં મંજુર થયેલ ૨૪ દરખાસ્ત તેમજ હવે પછી મંજુર થનાર તમામ દરખાસ્ત માટે લાગુ પડશે.

જે વસાહતોમાં નિર્દિષ્ટ વિસ્તાર અસ્તિત્વમાં છે તે વસાહતોને સદર નિર્ણય લાગુ પડશે નહી. નિર્દિષ્ટ વિસ્તારે તેઓના ફાળે આવતો હિસ્સો આગોતરો જ જમા કરાવવાનો રહેશે. જે નિર્દિષ્ટ વિસ્તાર પાસે પુરતું ભંડોળ ઉપલબ્ધ ન હોય તે માટે થયેલ ખર્ચ / થનાર ખર્ચની વસુલાતનો આખરી નિર્ણય નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી દ્વારા લેવામાં આવશે.

નિગમ દ્વારા હયાત વસાહતોમાં વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ સુધીની વસુલ લેવામાં આવનાર વિતરણ કિંમત સિવાયની કોઈ પણ પ્રકારની ફી જેવી કે પ્લાન પાસીંગ, ટ્રાન્સફર, નોન યુટીલાઈઝ પેનલ્ટી, સબલેટીંગ, પ્લોટનું પેટા વિભાજન અને એકત્રીકરણ વિગેરેમાંથી પ્રાપ્ત થતી આવકના ૨૦% જે નિર્દિષ્ટ વિસ્તાર સહિતની વસાહતોના અપગ્રેડેશન માટે અલગથી ભંડોળ ઊભું કરવામાં આવશે. જે, જે

તે વસાહતના ઈન્ફ્રાસ્ટ્રકચર પેટે વાપરવામાં આવશે. સદર ફંડ એસોસીએશનને હસ્તક મુકવામાં આવશે નહી.

૨૦ હેક્ટર સુધીની વસાહતોમાં નિગમ દ્વારા જરૂરીયાત જણાયે એ.આઈ.આઈ. યોજના હેઠળ કામગીરી હાથ ધરવાની રહેશે. સદર પ્રોજેક્ટ માટે એસોસીએશનના ફાળાની રકમ નિગમ દ્વારા ભોગવવાની રહેશે.

વધુમાં આ અંગેની સમગ્ર કાર્યવાહી કરવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવેલ છે.

**સંદર્ભ (૨) જારી કરવામાં આવેલ પરિપત્ર રદ કરવામાં આવે છે.**

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઈડીસી, ગાંધીનગર

નકલ રવાના :

(૧) તમામ અધિક્ષક ઈજનેરશ્રી તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) તમામ કાર્યપાલક ઈજનેરશ્રી તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ તથા આપના તાબા હેઠળના તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને ધ્યાને લાવવા સારૂ.

(3) એફ.આઈ.એ., એફ.આઈ.એ. ભવન, ન્યુ ગ્રીન સીટી, ડી-માર્ટની બાજુમાં, સેક્ટર – ૨૬, ગાંધીનગર તરફ... તમામ એસોસીએશનને જાણ કરવા વિનંતી સહ.

રવાના કર્યુ :

કાર્યપાલક નિયામક

જીઆઈડીસી, ગાંધીનગર